પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન,
જેલ રોડ,વડોદરા શહેર. ૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦,કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક :G/CP/વિ.શા./અનઅધિ.વ્યકિત જાહેરનામું/ ૨૯૬૧ /૨૦૨૫ તા : ૨૪/૦૫/૨૦૨૫

## ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

પોલીસ કમિશ્નરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવી કે જીલ્લા કલેકટરશ્રીની કચેરી (ગોત્રી), કુબેર ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, જીલ્લા ન્યાયાલયની કચેરી, જીલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જનસેવા કેન્દ્ર, નર્મદા ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓમાં વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતા હોય છે તાજેતરમાં કેટલાંક બનાવો ઉપરથી ઉકત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી-સીધી વાતો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ હોવાનું જણાય આવેલ છે.

જેથી હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, વડોદરા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છું કે,

પોલીસ કમિશ્નરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં જેવી કે જીલ્લા કલેકટરની કચેરી (ગોત્રી), કુબેર ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, જીલ્લા ન્યાયાલયની કચેરી, જીલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જનસેવા કેન્દ્ર, નર્મદા ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે, તેમજ જયાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી વડોદરા શહેરની સરકારી કચેરીઓમાં સરકારી કામ માટે આવેલા હોય, કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય, તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહું કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ અનઅધિકૃત વચેટીયા કામ કરતા ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

### -: અમલવારીનો સમય :-

આ જાહેરનામાનો અમલ તા.૨૭/૦૫/૨૦૨૫ ના કલાક ૦૧:૦૦ થી તા.૧૦/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

### -: અમલવારીનો વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશ્નરશ્રીની હુકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

### -: શિક્ષા :-

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ અને ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૧૩૫ ની કલમ.(૩) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશ્નરેટમાં વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહરેનામાનો ભંગ કરનાર ઈસમો સામે

ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તેમજ જી.પી.એકટ કલમ.૧૩૫(૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**-: <u>જાહેર વિજ્ઞપ્તિ</u> :-**

આ હુકમનો જાહેર જનતાને જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટરશ્રી, મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. G.P.Act -૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમનો જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજરોજ તારીખ:- ૨૪/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

Commissioner of Police • Vadodara City, Vadodara

(નરસિમ્હા કોમાર)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઇન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઇન્ચાર્જશ્રીઓ
(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઇન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવા સારૂ
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

**<u>નકલ રવાના</u> :-**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા
(૩) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા
(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા
(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.
(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૧) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૩) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૧૪) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

**૨/-** સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.